# જીવદયાની જેમ 'નિર્જીવદયા' પણ રાખો!

ન બોલવામાં નવ ગુણ

★ નટવર પંડ્યા

બાઈકના ગિયરમાં કડેડાટી બોલવા માંડે એ ખરેખર તો બાઈકનો જીજીવિષા માટેનો ચિત્કાર છે. તે તેના મૂંઝાયેલા આત્માનો અવાજ છે. આપણે કેટલીકવાર બુમો પાડીએ છીએ કે માણસ પર જુલ્મ થાય છે. અબોલ પશુ પક્ષીઓ પર જુલ્મ થાય છે. એ જ રીતે નિર્જીવ વસ્તુઓ પર પણ ક્યારેક એવા જુલ્મ થાય છે કે જોઈને આપણું હૃદય દ્રવી ઊઠે.

કેટલીકવાર બાઈક પર તો સરાજાહેર જુલ્મ થાય છે. જેના માટે આખે આખી કાર નાની પડે એવડું કુટુંબ સાગમટે ઠાંસોઠાંસ થઈને બાઈક પર ચડી બેસે છે, ત્યારે બાઈક બિચારું બોકાહા નાખવા માંડે છે. પૂરતું ઈંધણ, પૂરતું ઓઇલ હોવા છતાં તે હાંફી જાય છે. પાંચ પાંચ વર્ષની ગેરંટી-વોરંટી લઈને આવેલા બાઈકના વ્હીલ આઉટ થઈ જાય છે. મજબૂત ટાયર પણ છોલાઈને ટકો થઈ જાય છે. કારણ કે ઉપરનું વજન બેસુમાર હોય છે. પણ બાઈકનો આવો ચિત્કાર ગરુડે ચડીને જતા ગોવિંદને સંભળાતો નથી. અરે બાઈક ચાલકને પોતાને પણ નથી સંભળાતો કે નથી સમજાતો. એ તો માત્ર ગેરેજવાળો જ સમજી શકે. બાઈક પર સવાર થયેલા આખા કુટુંબને એ સમજાતુ નથી કે આ રીતે બાઈકને બસ સમજીને ચડી બેસવાથી બાઇકને બચપણમાંથી સીધું જ ઘડપણ આવી જશે અને તે વહેલી તકે બાઈક મટીને બકડિયું બની જશે. વળી થોડો સમય વીતતા બાઈક માલિક પોતે જ ફરિયાદ કરશે કે 'હવેના બાઈક પહેલા જેવા નથી આવતા. અમે ફલાણી કંપનીનું બાઈક ખરીદ્યું તોય પાંચ વર્ષમાં પતી ગયું, ખલ્લાસ થઈ ગયું!' ત્યારે તેને કહેવાનું મન થાય કે તમે જે રીતે બાઈક પર બેરહેમી આચરો છો, એ જોતા તે પાંચ વર્ષ ટક્યું, તે પણ ઘણું કહેવાય. એ તો બાઈક જ મજબૂત હતું, બાકી તો તેના કિલોમીટર બહુ વહેલા પૂરા થઈ ગયા હોત.

કેટલાક લોકો દિવ્યદ્રષ્ટિવાળા હોય છે. તેમની નજરે બાઈક એ ફક્ત ટ્રાન્સપોર્ટેશનનું સાધન નહીં પણ આખા પરિવારનું હરતું ફરતું ઓળખપત્ર પણ હોય છે. આજથી વીસેક વર્ષ પહેલાં હું અને મારો મિત્ર બંને રેશનકાર્ડ કઢાવવા માટે ગયેલા. મિત્રને રેશનકાર્ડ કઢાવવાનું હતું. બાઈક મિત્રનું હતું. તેણે બાઈક બરાબર રેશનકાર્ડની ઓફિસ સામે જ પાર્ક કર્યું. (જ્યાં 'નો પાર્કિંગ' લખ્યું હતું.) પછી મિત્રે ઓફિસમાંથી ફોર્મ લીધું, ફોર્મ ભરતા ભરતા મિત્રને થયું કે ઘરમાં ભલેને ચાર સભ્યો હોય પણ બે નામ વધારાના ઉમેરી દઉં અને ચાલી જાય તો રાશનની ખરીદીમાં જથ્થો વધુ મળે. તેણે ફોર્મમાં બે નામ ખોટા ઉમેરી કુલ છ વ્યક્તિનું કુટુંબ દર્શાવ્યું. કલાર્કે ફોર્મ લીધું, ઊડતી નજર નાખી અને બધા નામ વાંચીને મિત્રને કહ્યું, તમારા ઘરમાં તો ફક્ત ચાર જ સભ્યો છે ને? આ છ નંગ ક્યાંથી આવ્યા? મિત્રે કહ્યું, 'ના સાહેબ, અમારા ઘરમાં છ સભ્યો છે.' ત્યારે સંજયદષ્ટિ ધરાવતો ક્લાર્ક પૂર્ણ આત્મવિશ્વાસથી બોલ્યો, 'તમારે એક બાબો અને એક બેબી છે, બરાબર? તમારા બાબાનું નામ જય અને બેબીનું નામ ક્રિષ્ના છે, અને તમારી પત્નીનું નામ વંદના છે, રાઈટ?' ક્લાર્ક પાસેથી આ એકદમ પરફેક્ટ વિગતો સાંભળી, જૂઠું બોલવા બદલ મિત્રનું માથું શરમથી ઝૂકી ન ગયું. તેણે ખડખડાટ હસતાં હસતાં સાચી વાત સ્વીકારી લીધી. પણ મને નવાઈ લાગી. ક્લાર્ક કંઈક જાણભેદુ લાગ્યો. એટલે મેં પૂછ્યું કે તમે આ ભાઈના કંઈ સગા સંબંધી થાવ છો? ત્યારે કલાર્કે કહ્યું, 'ના' અને વિશેષમાં કાવ્યાત્મક શૈલીમાં બોલ્યો, 'નથી હું એમનો સગો, નથી સંબંધી, નથી મિત્ર, નથી પડોશી કે નથી જોશી.' ક્લાર્કની વાત સાંભળી મારા મનમાં રહસ્ય ઔર ઘૂંટાયું. મેં પૂછ્યું, 'તો પછી તમે આ મિત્રના કુટુંબના સભ્યોને નામ સહિત કઈ રીતે ઓળખી શક્યા?' ત્યારે મંદ મંદ મુસ્કુરાતા ક્લાર્ક ઉવાચ, 'બહુ સીધી વાત છે ગુરુ, આ સામે, 'નો પાર્કિંગ' માં તેમનું બાઈક પાર્ક કરેલું છે. જે બાઈક પર આખા કુટુંબના નામ ચિતરેલા છે.' મેં કહ્યું, 'એ તો બરાબર, પણ વંદના તેમની પત્ની છે એ તમે કેવી રીતે જાણ્યું?' કલાર્કે ભેદી હાસ્ય સાથે કહ્યું, 'જુઓ ગુરુ, એ નામ પાછળની લાલ લાઈટ પર લખ્યું છે!' તેનો લાજવાબ જવાબ સાંભળીને હું આશ્ચર્યચક્તિ થઈ ગયો.




**પણ આપણે ત્યાં 'હરી ઈચ્છા બળવાન' જેટલી જ પત્ની ઈચ્છા પણ બળવાન ગણાય છે. તેથી પત્ની ઇચ્છિત સ્થળોએ જવા માટે બાઈકનો ભારોભાર ઉપયોગ થાય**

આપણે ત્યાં જીવદયા માટે ઘણા સૂત્રો જોવા મળે છે. જીવદયા માટે ઘણી જાગૃતિ ફેલાવવામાં આવે છે. પણ 'જીવદયા'ની સાથોસાથ 'નિર્જીવદયા' પણ દાખવવી જોઈએ. કારણ કે બે સવારીની કેપેસીટી ધરાવતા બાઈક પર જ્યારે ચાર-પાંચ જણ ચડી બેસે છે ત્યારે બાઈક કારમી પીડા ભોગવે છે અને કરમ પીડા પણ ભોગવે છે. તેથી જ આવા નિર્જીવ વાહન પર પણ જીવદયાની જેમ જ નિર્જીવદયા દાખવવી જોઈએ. નહીં તો સમય જતા બાઈકની આખી જાતિ નામશેષ થઈ જશે. એક કે બે વ્યક્તિઓ બાઈક પર બેસે તો તેને બાઈક પર સવાર થયા કહેવાય. પણ જ્યારે આખે આખું નાનું કુટુંબ સુખી કુટુંબ (એટલે કે ખાધે પીધે સુખી!) બાઇક પર હોય ત્યારે આવા સુખી કુટુંબને કારણે બાઈક બિચારું દુ:ખી થઈ જાય છે. અને તેના અંગેઅંગમાં તૂટ (કળતર) થાય છે.

આમ તો જે તે સાહેબે પોતાના ધંધા-બિઝનેસના સ્થળે, ઓફિસે કે નોકરીએ જવા માટે બાઈક ખરીદ્યું હોય છે. પણ આપણે ત્યાં 'હરી ઈચ્છા બળવાન' જેટલી જ પત્ની ઈચ્છા પણ બળવાન ગણાય છે. તેથી પત્ની ઇચ્છિત સ્થળોએ જવા માટે બાઈકનો ભારોભાર ઉપયોગ થાય છે. પતિ પત્ની હોય એટલે સાથે બાળ ગોપાળ તો હોય જ! આવી રીતે સહકુટુંબ બધા બાઈક સવાર થઈને ક્યાંય પણ જવા નીકળ્યા હોય ત્યારે બાઈક પણ એક સરકસના સાધન જેવું લાગે છે. કારણ કે બાઈક ચલાવતી વખતે પતિ પોતાની બેઠક પર ફક્ત એક ચતુર્થાંશ ભાગમાં ઉચ્ચક જીવે અને ઉચ્ચક શરીરે બેઠો હોય છે. આમ થવાનું કારણ એટલું જ કે પાછળ બેઠેલી પત્નીએ આગળ તરફ પતિના પ્રદેશમાં અને પાછળ બાળકોના પ્રદેશમાં પેશકદમી કરી હોય છે. આ દ્રશ્ય જોઈને જાણે ચીને ભારતમાં પેશકદમી કરી હોય એવું લાગે. વાત આટલેથી જ અટકતી નથી. પતિની આગળ પેટ્રોલની ટાંકી પર પણ એક ટાબરિયું ઝૂકીને બાઈકનું હેન્ડલ પકડીને બેઠું હોય છે.

પતિ પત્નીની વચ્ચે બીજું એક પાંચ સાત વર્ષનું બાળક સેન્ડવીચ સ્વરૂપે ફસાયું હોય છે. જો કે તે બેઠેલું છે કે ઊભેલું તેનો ખ્યાલ તો તેને પૂછવાથી જ મળી શકે. ભારે દબાણને કારણે તે બચ્ચું રડવા ઈચ્છે તો રડી પણ શકતું નથી. હસવાની તો વાત જ ક્યાં રહી! આ ઉપરાંત પત્ની પછી સાવ છેલ્લે કેરિયર પરના વધ્યા ઘટ્યા ભાગ પર દશ-બાર વર્ષની પ્રથમ આવૃત્તિ સમાન પુત્રી બિરાજમાન હોય છે. રસ્તા પરના ખાડાની વિવિધતાનો સૌથી કઠોર અનુભવ તેને થાય છે. તેથી તે હસતી નથી. જોકે આવી સ્થિતિમાં પણ પતિ પત્ની હસીને વાતો કરતા હોય છે. (જાહેરમાં આટલું તો કરવું પડેને!) ત્યારે છેલ્લે બેઠેલી દીકરીને એવો અહેસાસ થાય છે કે 'આપણી કોઈને પડી નથી.'

આમ આખા ફેમિલીને બાઈક થકી ઉચ્ચક જીવે ખેંચી જતા પતિને ખ્યાલ આવે છે કે પોતાના જ પગારમાંથી બાઈકના હપ્તા ચૂકવાય છે છતાં બાઈક પર તેના માટે જગ્યા કેટલી? તેનો અધિકાર કેટલો? જોકે અધિકારના પ્રશ્નો પતિના મનમાં વારે ઘડીએ ઉભા થતા હોય છે અને તેણે જાતે જ તેને દફનાવી દેવા પડે છે અને સંસાર રથને ચલાવતા રહેવું પડે છે.

## -:: ગરમાગરમ ::-

ચીનનો ફેઇલ્યર ગુરુ બીલ લીમ.

અનેક ધંધામાં, નોકરીમાં, નિષ્ફળ નીવડ્યા પછી બીલ લીમને કશું કરવાનું મન થતું નહોતું. છેવટે સાવ નવરા બેઠા બેઠા તેણે પોતાની નિષ્ફળતાના અનુભવો સરળ ભાષામાં લખ્યા અને તેનું પુસ્તક પબ્લિશ કર્યું. તેના આશ્ચર્ય વચ્ચે તે પુસ્તકની લાખો નકલો વેચાય અને તે કરોડપતિ બની ગયો.